# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



**આણંદમાં ચાર દાયકા જૂના 'દબાણ સામ્રાજ્ય' પર મનપાનું બુલડોઝર, લાંબા સમયથી ચર્ચામાં રહેલા રાજા રણછોડ માર્કેટમાં જેસીબી પહોંચ્યા**

# આણંદના રાજા રણછોડ માર્કેટની 87 દુકાન જમીનદોસ્ત

**આણંદ મનપા** દ્વારા મહિનાથી લેખિત નોટિસ અને મૌખિક સુચના બાદ કાર્યવાહી હાથ ધરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ શહેરમાં છેલ્લા ચાર દાયકાથી સતત ચર્ચામાં રહેલા રાજા રણછોડ માર્કેટ પર આખરે મનપા દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. શહેરના મુખ્ય બજારનો જ ભાગ એવા રાજા રણછોડ માર્કેટમાં 87 જેટલી કાચી - પાકી દુકાનો આવેલી હતી. આ દુકાનો તોડી પાડવા છેલ્લા એક મહિનાથી મનપા દ્વારા નોટિસ અને મૌખિક સુચના આપવામાં આવતી હતી અને આખરે રવિવારના રોજ મનપાનો કાફલો જેસીબી સાથે પહોંચી ગયો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, દુકાનદારોએ આજીજી કરતા તેમને સામાન હટાવવા માટે સમય આપવામાં આવ્યો હતો. જેના કારણે થોડા સમય માટે કામગીરી અટકાવવામાં આવી હતી. આ ઉપરાંત મનપાની ટીમ અને દુકાનદારો વચ્ચે તૂતૂ મેંમેં પણ થઈ હતી. એટલે કે સુધી આણંદ શહેર પોલીસ પણ દોડી આવી હતી.

કરમસદ - આણંદ મનપા દ્વારા રવિવારના રોજ રાજા રણછોડ માર્કેટમાં ડિમોલેશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અચાનક આવી ચડેલા રસાલાના પગલે વેપારીઓમાં અફડા તફડી મચી ગઇ હતી. જોકે, છેલ્લા એક મહિનાથી મનપા દ્વારા વારંવાર સુચના આપવામાં આવતી હતી. પરંતુ વેપારીઓ



આ સુચનાને ગંભીરતાથી લેતાં નહતાં. આખરે 2 જેસીબી સાથે ટીમ આવી પહોંચતાં ભાગદોડ જોવા મળી હતી. આ રાજા રણછોડ માર્કેટ છેલ્લા કેટલાક સમયથી સતત વિવાદમાં રહ્યું છે. અગાઉ પણ તેને હટાવવા માંગણીઓ ઉઠી હતી. પરંતુ જે તે સમયે નગરપાલિકાના સત્તાધિશો પગલાં ભરવામાં વામણાં સાબિત થયાં હતાં. મુખ્ય બજારનો જ ભાગ એવા રાજા રણછોડ માર્કેટ ચાર દસકા પહેલા નિર્માણ આપ્યું હતું. જે તે સમયે આ જગ્યા ખુલ્લી હતી અને તે ભાડે આપી શકાય તેમ નહતી. આથી, દબાણ પાવતી આપી કાગળ પર દબાણ બતાવી પાછલા બારણે વ્યવસાયિક મંજુરી આપવામાં આવી હતી. જોકે, આ સમગ્ર માર્કેટમાં દલા તલવાડીની જેમ સતત દબાણો વધી ગયાં હતાં અને નગરપાલિકાએ કોઈ કારણસર આંખ આડા કાન શરૂ કરી દીધાં હતાં. બહુ ટુંકા ગાળામાં આશરે 87 જેટલી દુકાનો ખડકાઈ ગઈ હતી અને ટ્રાફિક સમસ્યા સર્જી દીધી હતી.

આણંદ મહાનગરપાલિકા બનતાં જ કેટલાક મહત્વના પગલાં ભરવાનુ શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં દબાણો સામે કડક હાથે કામ કરવામાં આવી રહ્યું છે. વધતી જતી વસતી અને ટ્રાફિક ભારણ માટે ખુલ્લા રસ્તાની માંગ હોવાથી ટુંકી ગલી, એમજી રોડ બાદ છેલ્લા એક મહિનાથી રાજા રણછોડ માર્કેટની જગ્યા ખાલી કરવા કવાયત હાથ ધરવામાં આવી હતી. જેના પગલે રવિવારે દુકાનો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### 'દબાણ પાવતી' પર ચાલતું તંત્ર

આણંદ શહેરના મુખ્ય બજારમાં આવેલા રાજા રણછોડ માર્કેટનું અસ્તિત્વ વર્ષ 1976માં આવ્યું હતું. આ પહેલા આ જગ્યા ઓપન ટુ સ્કાય હતી. જે તે સમયે દુકાનોને આપવામાં આવેલી મંજુરી પણ દબાણ પાવતી હેઠળ આપવામાં આવી હતી. આમ, ચોપડે દબાણો હતાં. પરંતુ હકિકતમાં બિનસત્તાવાર ભાડુઆત હતાં. જોકે, ધીમે ધીમે દુકાનદારોની સંખ્યા 87 સુધી પહોંચી હતી. તેને હટાવવાનો નિર્ણય લેવાતા મામલો કોર્ટમાં પહોચ્યો હતો. પરંતુ મનાઇ હુકમ ન મળતાં આખરે કાર્યવાહી કરવામાં આવી હતી.

### હવે શું? પાર્કિંગ કે બગીચો?

આણંદના રાજા રણછોડ માર્કેટ ઓપન ટુ સ્કાય હોવાથી બાંધકામ શક્ય નથી. પરંતુ આ જગ્યામાં પાર્કીંગ બનાવવા સતત માંગણી ઉઠતી રહે છે. આ ઉપરાંત એક માંગણી બગીચાની પણ હતી. પરંતુ હાલ અહીં શું બનાવવું ? તે મુદ્દે મનપા નિર્ણય લેશે. અલબત્ત, આ કાર્યવાહી બાદ પથિકાશ્રમ અને નાયબ પોલીસ અધિક્ષકની કચેરી પર પણ જેસીબી ફરી વળશે. પરંતુ તે સરકારી જ એકમ હોવાથી અધિકારીઓની બેઠકો ચાલી રહી છે.

---

**લગ્નના 20 વર્ષ બાદ પતિના આડાસંબંધો ખુલતા છૂટાછેડા માટે દબાણ કર્યું**

# આણંદમાં પર સ્ત્રીના પ્રેમમાં પતિએ પત્નીને ત્રાસ આપ્યો

**પતિએ પત્નીને** 'તારા જેવી કેટલી રાખીશ' કહી અપમાનિત કરી

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદના બાકરોલ - વડતાલ રોડ પર રહેતી પરણિતાએ તેના પતિના આડાસંબંધોનો વિરોધ કરતા, પતિ અને સાસુ-નણંદ દ્વારા ત્રાસ આપી છૂટાછેડા લેવા મજબૂર કરવામાં આવી હતી. બે દાયકાના લગ્નજીવન બાદ પતિએ અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ બાંધી પત્નીને ઘરમાંથી કાઢી મૂકતા આખરે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

આણંદ શહેરના બાકરોલ - વડતાલ રોડ પર રહેતા રચનાબેનના લગ્ન વર્ષ 2005માં અનિલ મિશ્રા સાથે થયા હતા. આ લગ્ન બાદ શરૂઆતમાં જીવન સુખમય રહ્યું હતું અને તેઓને એક પુત્ર પણ છે. જોકે, લગ્નના થોડા સમય બાદ સાસુ અને નણંદની ચઢામણીથી પતિએ નાની બાબતોમાં કનડગત શરૂ કરી હતી. આ દરમિયાન પતિને અન્ય સ્ત્રીઓ સાથે આડાસંબંધો હોવાનું પત્નીના ધ્યાને આવ્યું હતું. જ્યારે પત્નીએ આ બાબતે પતિને પૂછ્યું, ત્યારે પતિએ ગાળો ભાંડી ઝઘડો કર્યો હતો. સાસુએ પણ પુત્રનું ઉપરાણું લઈને પત્નીને ધમકાવી હતી કે 'મારો દીકરો બીજી લાવશે, તું છૂટાછેડા આપી દે'. તેમાંય પતિ કોલ ગર્લ્સ સાથે સંબંધ ધરાવતો હોવાનું અને પત્નીને 'તારા જેવી કેટલી રાખીશ' કહીને અપમાનિત કરતો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

આખરે વધતા જતા ત્રાસને કારણે દોઢ વર્ષ અગાઉ વડીલોની હાજરીમાં નક્કી થયા મુજબ પત્ની અને પુત્ર અલગ રહેવા ગયા હતા. તેમ છતાં, પતિ અવારનવાર રસ્તામાં રોકીને છૂટાછેડા માટે દબાણ કરતો હતો. ગત 25મી નવેમ્બર, 2025ના રોજ જ્યારે રચનાબેન સાસરીમાં ગયા ત્યારે સાસુએ 'તું મારા દીકરાને લાયક નથી' કહીને તેમને પરત મોકલી દીધા હતા. અંતે પત્નીએ પતિ અનિલ મિશ્રા, સાસુ મીનાક્ષીબેન અને નણંદ પૂજાબેન મિશ્રા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

---

# બોચાસણ પાસે હાઈવે પર કાર પલટી, યુવાનનું મોત

**અચાનક** ગાય આડી ઉતરતાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.8

બોરસદ પાસેથી પસાર થતાં વાસદ-તારાપુર હાઈવે પર બોચાસણ સ્વામિનારાયણ વાડી સામે પુરપાટ ઝડપે જતી કાર વચ્ચે અચાનક ગાય ઉતરી આવતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં વડોદરાના યુવાનનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ ઈન્દોરના અને હાલ વડોદરાના ભાયલી સ્થિત માધવ ટેકનોલોજી કંપનીમાં ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા અતુલકુમાર ઈન્દ્રભાન વર્મા (ઉ.વ. 22) તેમના સહકર્મી પુષ્પક કોટીયા સાથે કંપનીના કામે અમરેલી ગયા હતા. તેઓ 5મી માર્ચના રોજ મોડી રાત્રે તેઓ કાર (નંબર GJ 06 CB 2333) માં પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. આ કારની ઝડપ વધુ હોવાથી અચાનક ગાય આડી ઉતરતા સંતુલન જાળવવું મુશ્કેલ બન્યું હતું અને કાર પલટી મારી જતાં અતુલકુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. જ્યારે ઈજાગ્રસ્ત ચાલક પુષ્પક કોટીયાને તાત્કાલિક 108 મારફતે બોરસદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે મૃતકના મોટાભાઈ અજયકુમારની ફરિયાદના આધારે પેટલાદ રૂરલ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

**પેટલાદના 'વન કવચ'માં વૃક્ષો કપાતા હોવા છતાં પાલિકા અજાણ**

# પેટલાદ પાલિકા ઉંઘતી રહીને 50થી વધુ વૃક્ષની 'હત્યા' થઈ

**વન કવચના** વૃક્ષોનું રહસ્યમય રીતે નિકંદન છતાં સત્તાધિશોની ઉંઘ ઉડતી નથી



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.8

પેટલાદ રાધાકિશન સોસાયટી પાસે વન કવચ આવેલ છે. જ્યાં પાલિકા દ્વારા વૃક્ષોની રોપણી બાદ તેનું જતન કરવામાં આવતું હતું. આ વન કવચમાં છેલ્લા ત્રણેક દિવસથી લીલા વૃક્ષોનું નિકંદન કરવામાં આવી રહ્યું હતું. આશરે 50થી વધુ વિવિધ વૃક્ષો કાપી તેની હત્યા થઈ ગઈ ત્યાં સુધી પાલિકાના ચીફ ઓફીસર કુંભકર્ણની નિદ્રામાં હતા. આ અંગેની કોઈ વ્યક્તિ દ્વારા તેઓને જાણ કરવામાં આવ્યા બાદ પાલિકા તંત્ર હરકતમાં આવ્યું હતું. આટલી મોટી સંખ્યામાં વૃક્ષો કાપનાર કોણ છે અને કોના કહેવાથી કાપવામાં આવ્યા તેનું રહસ્ય હજી પણ અકબંધ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પેટલાદ નગરપાલિકા હદમાં વોર્ડ નં.2 ખાતે રાધાકિશન સોસાયટી આવેલ છે. જેની સામે આવાસ યોજનાના ફ્લેટ તથા બાજુમાં વિવિધ વન કવચ આવેલ છે. પાલિકાની ટી.પી.1ના ફાઈનલ પ્લોટ ઉપર જૂન 2019માં વન કવચ બનાવવામાં આવ્યું હતું. પાલિકાની આ પડતર જમીન ઉપર લગભગ 370 જેટલા વૃક્ષોની રોપણી કરવામાં આવી હતી. અહીંયા 7 વર્ષ અગાઉ દાબડા બદામ, કદમ, ખાખરા, કણજરી, જાંબુડા, આસોપાલવ, સાદડ, ગુલમ્હોર, લીમડા વગેરેના વૃક્ષોની રોપણી કરી તેનું જતન કરવામાં આવતું હતું. આ સમય દરમ્યાન કેટલાય વૃક્ષો ઘટાદાર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ આ વન કવચમાં ત્રણેક દિવસ અગાઉ અજાણ્યા ઈસમો ઘુસી ગયા હતા.

તેઓએ ધડાધડ વૃક્ષોનું નિકંદન કાઢવાની શરૂઆત કરી હતી. જેથી સ્થાનિક રહીશોએ પુછપરછ કરતા તેઓએ પાલિકા દ્વારા કામગીરી થઈ રહી હોવાનું જણાવ્યું હતું. અહીંયા આટલી મોટી સંખ્યામાં વૃક્ષો કાપી રહ્યા હોવાની જાણ પાલિકાના ચીફ ઓફીસર સહિત તંત્રને ત્રણેક દિવસ સુધી ખબર પડી જ નહીં. જ્યારે ચીફ ઓફીસરને જાણ થઈ ત્યાં સુધીમાં તો 50 થી વધુ લીલા વૃક્ષોની હત્યા થઈ ચુકી હતી. આ ઘટનાને લઈ પાલિકા તંત્ર હરકતમાં આવ્યું અને વન વિભાગને જાણ કરી હતી. જેથી વન વિભાગના કર્મચારીઓ દ્વારા નિકંદન નીકળી ગયેલ વૃક્ષોની ગણતરીનું કામ આજરોજ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ આ વૃક્ષો કોના ઈશારાથી કપાયાં તેનું રહસ્ય હજી પણ અકબંધ છે.

### ચીફ ઓફિસરનું શંકાસ્પદ નિવેદન

'આ જમીન પોતાની સમજી કેટલાક ઈસમોએ વૃક્ષો કાપી નાખ્યાં છે. આ અંગે અમે કંઈ જાણતા જ ન્હોતા, અમને કોઈ વ્યક્તિએ કોલ કરીને જાણ કરી ત્યારે અમને ખબર પડી હતી. પાલિકાના ચીફ ઓફીસરની આ વાત જ શંકા ઉપજાવે છે કે તેમના હસ્તકની જમીન ઉપરના વન કવચમાંથી આટલી મોટી સંખ્યામાં વૃક્ષો કોઈ ઈસમો કોઈના પણ છુપા આશિર્વાદ સિવાય કેવી રીતે કાપી શકે ? આ અંગે પાલિકા દ્વારા વૃક્ષોના નિકંદનની કામગીરી તાત્કાલિક બંધ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોવાનું ચીફ ઓફીસરે જણાવ્યું હતું. મળતી માહિતી મુજબ વન વિભાગ પાસેથી રીપોર્ટ મળશે એટલે પંચક્યાસ કરી જે તે ઈસમો સામે પાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.' - **કૃણાલ પટેલ,** ચીફ ઓફિસર, નગરપાલિકા, પેટલાદ.

### વૃક્ષો વન વિભાગના નથી

'વિવિધ જાતના આશરે 50થી વધુ કપાયેલા વૃક્ષોના 148 નાના મોટા ટુકડા સ્થળ ઉપરથી મળી આવેલાં છે. હવે તેના ઘન મીટર નક્કી કરી પાલિકાને રીપોર્ટ મોકલી આપવામાં આવશે. કારણ કે આ વૃક્ષો વન વિભાગના નહીં, પરંતુ પાલિકાના છે. એટલે આગળની દંડનીય કાર્યવાહી પાલિકા દ્વારા કરવાની આવશે.' **- ભરત ડાભી** વન અધિકારી, પેટલાદ.

---

# ઉત્તરસંડામાં યુવક પર ઈંટ વડે જીવલેણ હુમલો

**'તને બહુ ચરબી** ચઢી છે' કહી માથામાં ઘા કરી જાનથી મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામમાં નજીવી બાબતે ઉશ્કેરાયેલા એક શખ્સે યુવકને માથાના ભાગે ઈંટ મારી ઈજા પહોંચાડી હોવાની ઘટના બની છે. જેમાં હુમલાખોરે યુવકને રસ્તામાં આંતરી બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેના પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ અંગે વડતાલ પોલીસે હુમલાખોર શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉત્તરસંડાની રામનગર સોસાયટીમાં રહેતા ધર્મેશભાઈ મંગળભાઈ પરમાર ગત 6ઠ્ઠી માર્ચના રોજ સાંજે સાતેક વાગ્યે સદનશા પીરની દરગાહ પાસે આવેલી દુકાને જઈ રહ્યા હતા. આ દરમિયાન ગામમાં જ રહેતા ઘનશ્યામભાઈ નટુભાઈ વાઘેલાએ તેમને અટકાવી તને બહુ ચરબી ચઢી છે તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. બાદમાં ઉશ્કેરાયેલા ઘનશ્યામે ઈંટનો ઘા કરતાં ધર્મેશભાઈના માથા પર ગંભીર ઈજા પહોંચી હતી અને લોહીલુહાણ હાલતમાં મૂકી દીધાં હતાં.

આ હુમલો કર્યા બાદ આરોપીએ ધમકી આપતા જણાવ્યું હતું કે, જો બીજી વાર મારી સામે આવીશ તો જાનથી મારી નાખીશ.

આ બનાવ અંગે ધર્મેશભાઈની ફરિયાદના આધારે વડતાલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

**મનપા દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન આકસ્મિક તપાસણી**

# આણંદમાં ગંદકી ને પ્લાસ્ટિકના મુદ્દે રૂ.1.83 લાખનો દંડ કરાયો

**ગંદકી ફેલાવતા અને** પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા 181 એકમ સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના અભિયાન હેઠળ કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શનમાં સેનિટેશન વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફેબ્રુઆરી માસ દરમિયાન જાહેરમાં ગંદકી ફેલાવતા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વિવિધ એકમો પર આકસ્મિક તપાસણી કરીને કુલ



1,83,300નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનરે શહેરના વિસ્તારને ગંદકીમુક્ત બનાવવા માટે કડક સૂચનાઓ આપી છે, જેના પગલે સેનિટેશન વિભાગે સમગ્ર ફેબ્રુઆરી માસ દરમિયાન સઘન ઝુંબેશ ચલાવી હતી. આ તપાસ દરમિયાન જાહેરમાં ગંદકી કરતા 157 એકમો સામે દંડનીય કાર્યવાહી કરી 75,800નો દંડ વસૂલવામાં આવ્યો હતો. જ્યારે પર્યાવરણને નુકસાન કરતા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા 24 એકમો પાસેથી 1,07,500નો દંડ વસૂલાયો છે.

મનપાના સેનિટેશન વિભાગ દ્વારા તમામ વેપારીઓ અને એકમોને ખાસ તાકીદ કરવામાં આવી છે કે તેઓ જાહેરમાં ગંદકી ન કરે અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે. શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવામાં નાગરિકો અને એકમો પોતાનું યોગદાન આપે તેવો અનુરોધ પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આમ છતાં પકડાશે તો કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

---

# મહેમદાવાદના ખેડૂતની મધમાખી પાલન દ્વારા વાર્ષિક દોઢ કરોડની કમાણી

**કોરોનાકાળમાં** નોકરી ગુમાવ્યા બાદ શરૂ કરેલો વ્યવસાય 17 રાજ્યોમાં વિસ્તર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

ખેડા જિલ્લો, જે અત્યાર સુધી દૂધ ઉત્પાદન અને શ્વેતક્રાંતિ માટે વૈશ્વિક સ્તરે જાણીતો હતો, ત્યાં હવે મધમાખી પાલન દ્વારા નવી 'મધુક્રાંતિ'નો ઉદય થયો છે. મહેમદાવાદ તાલુકાના જાળીયા ગામના પ્રગતિશીલ ખેડૂત અર્જુનભાઈ ઝાલાએ વર્ષ 2025-26માં મધમાખી પાલનના



વ્યવસાયમાં અપ્રતિમ સફળતા મેળવી રૂ. 1.50 કરોડની માતબર આવક મેળવી છે, જે અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની છે.

મહેમદાવાદ તાલુકાના જાળીયા ગામના અર્જુનભાઈએ કોરોના કાળમાં ખાનગી કંપનીની નોકરી ગુમાવ્યા બાદ આત્મનિર્ભર બનવાના સંકલ્પ સાથે બાગાયત ખાતાની મદદથી માત્ર 10 પેટીથી આ પ્રવાસ શરૂ કર્યો હતો. આજે તેમની પાસે ચાર હજાર જેટલી મધમાખીની પેટીઓ છે અને તેમનો વ્યવસાય દેશના 17 રાજ્યોમાં વિસ્તર્યો છે. તેમના આ સફળ પ્રયોગથી પ્રેરાઈને જિલ્લાના અન્ય 300થી વધુ ખેડૂતો પણ અંદાજે પાંચ હજાર પેટીઓ સાથે આ વ્યવસાયમાં જોડાયા છે.

ખેડા જિલ્લામાં બાગાયત વિભાગ અને અમુલ પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોને 75 ટકા સુધીની સબસિડી અને ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

### ખેતીમાં પરાગનયન દ્વારા 'ડબલ' ફાયદો

મધમાખી પાલનથી ખેતીના પાકમાં પરાગનયનની પ્રક્રિયા ઝડપી બને છે. નેનપુરના ખેડૂત જેઠાભાઇ પરમારના મતે, ખેતરમાં મધમાખીની હાજરીથી જીવાતોમાં ઘટાડો થાય છે અને પાકની ગુણવત્તા તેમજ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. આમ, ખેડૂતોને મધની સાથે પાક ઉત્પાદન વધતા બેવડો લાભ મળે છે.

### આડપેદાશો અને મેડિકલ સારવારથી વધારાની આવક

મધમાખી પાલન માત્ર મધ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમાંથી સાબુ, દવા, સ્પ્રે અને અગરબત્તી જેવી ચીજવસ્તુઓ પણ બનાવવામાં આવે છે. આ ઉપરાંત, ડાયાબિટીસ અને સાંધાના વા જેવી બીમારીઓ માટે મધમાખીના ડંખ દ્વારા લેવામાં આવતી સારવાર પણ ખેડૂતો માટે વધારાની આવકનું સાધન બની છે


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઇઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225